# અનુસૂચિત જનજાતિના કૃષિશ્રમિકોની અર્થવ્યવસ્થા

પ્રા. રીટાકુમાર પી. મહેતા
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા

ભારતના અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું સ્થાન મહત્ત્વનું છે. વિશ્વના અલ્પવિકસિત દેશો મોટે ભાગે કૃષિપ્રધાન હોય છે. ભારત એક વિકાસ પામતો દેશ છે. મોટાભાગના લોકો ખેતી કે ખેતી પર આધારિત આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા જોવા મળે છે. કેટલાક દેશો કૃષિપ્રધાન હોવા છતાં વિકાસના ઉચ્ચ તબક્કાએ પહોંચી શક્યા છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ આ દેશોના આર્થિક વિકાસની પ્રક્રિયાનો અભ્યાસ કરતાં જાણવા મળ્યું છે કે, વિકાસના પ્રારંભિક તબક્કામાં પ્રત્યેક દેશોમાં કૃષિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઈંગ્લેન્ડ, અમેરિકા, જાપાન અને પશ્ચિમ યુરોપના દેશોમાં ઔદ્યોગિક વિકાસ થયો. તેની પહેલા ખેતીક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તનો થયા હતા. આમ, કોઈ પણ દેશના ઝડપી વિકાસક્ષમતાનો આધાર કૃષિ, ઉદ્યોગ અને સેવાતંત્રના વિકાસ પર છે. પરંતુ આ ત્રણે ક્ષેત્રોમાં ઉદ્યોગ અને સેવાક્ષેત્રના વિકાસ માટે કૃક્ષિક્ષેત્રનો વિકાસ ખૂબ જરૂરી છે. ભારતમાં આયોજનના સમયથી કૃષિવિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.

વર્ષ: ૨૦૦૧માં ભારતમાં ૧૦૨.૬૮ કરોડની વસ્તી હતી. તે વર્ષ: ૨૦૧૧માં વધીને ૧૨૧.૦૨ કરોડ થાય છે. આ વસ્તીવધારાના કારણે કેટલીક સમસ્યાઓ ઉદ્ભવી છે. ગરીબી, બેકારી આના કારણે લોકો નીચા વેતન પર કામ કરવા તૈયાર થઈ જાય છે. આમ શ્રમિકોને પરિશ્રમના બદલામાં યોગ્ય વેતન આપવામાં આવતું નથી અને શ્રમિકોનું આર્થિક શારીરિક શોષણ થાય છે. આયોજનકાળથી જ ખેતમજૂરોની પરિસ્થિતિ સુધારવા માટેના કાર્યક્રમો કરવામાં આવ્યા છે. આમ છતાં શ્રમિકોની સ્થિતિમાં કોઈ સુધારાઓ જણાયા નથી.

ભારતે જે વિકાસ સાધ્યો છે તેનાથી તે વિશ્વમાં આકર્ષના કેન્દ્ર બન્યું છે. સૌથી મોટા અર્થતંત્ર ધરાવતા દેશોમાં છઠ્ઠા નંબરે આવે છે. ભારતમાં રાષ્ટ્રીય આવક અને માથાદિઠ આવકમાં વધારો થયો છે. વર્ષ: ૨૦૧૦–૧૧માં લગભગ રૂા. ૪૬૦૦૦/– હતી જે વર્ષ ૨૦૧૬માં વધીને ૫૬૩૦ ડોલર થઈ છે. ભારતીય અર્તતંત્રની રાષ્ટ્રીય આવકમાં કૃષિતંત્રનો હિસ્સો ધીમે–ધીમે ઘટી રહ્યો છે. વર્ષ ૧૯૫૦–૫૧માં રાષ્ટ્રીય આવકમાં કૃષિતંત્રનો ફાળો ૫૨% હતો તે વર્ષ: ૨૦૧૪–૧૫ના વર્ષમાં ઘટીને ૧૬.૧૧ % જેટલો થયો હતો.

ભારતીય અર્થતંત્ર રોજગારીની ષ્ટિએ હજુ પણ કૃષિક્ષેત્ર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભલે રાષ્ટ્રીય આવકમાં કૃષિક્ષેત્રનો ફાળો ઘટયો હોય પરંતુ રોજગારીમાં વર્ષ: ૧૯૫૦–૫૧માં ૭૨% રોજગારી

મેળવતા હતા અને વર્ષ ૨૦૧૪–૧૫માં ૫૦% થી વધુ લોકો કૃષિક્ષેત્રમાં રોજગારી મેળવતા હતા. આમ, વર્તમાન સમયમાં ઉદ્યોગ અને સેવાક્ષેત્ર કરતા કૃષિતંત્રમાં સૌથી વધુ લોકો રોજગારી મેળવે છે.

## ૧. ભારતમાં અનુસૂચિત જનજાતિનો ઉદ્ભવ

ભારતની કુલ વસ્તીમાં કેટલાક જૂથો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર અન્ય પ્રજાની સરખામણીએ હજુ પણ ઘણા પાછળ છે. આઝાદી પહેલા આવા કેટલાક જૂથોમાં સમાજના નબળા વર્ગોમાં હરિજન અને આદિવાસીઓના વિકાસમાં દેશના અગ્રગણ્ય, સામાજિક કાર્યકરો કામ કરતા અને કેટલાક કાર્યક્રમો પણ હાથ ધરાયા હતા. ખાસ કરીને આઝાદી મળ યા પછી આવા કેટલાક જૂથોની પ્રગતિ ઝડપી બનાવી અને બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. જમાં એક વર્ગને બંધારણની કલમ ૩૪૧ મુજબ અનુસૂચિત જ્ઞાતિઓ (શીડ્યુલ કાસ્ટસ) અને બીજા વર્ગને કલમ ૩૪૨ મુજબ અનુસૂચિત આદિજાતિઓના (શીડ્યુલ ટ્રાઈબ્સ) તરીકે ઓળખવામાં આવે છે.

ઈ.સ.૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં ૮.૬૩% આદિવાસી વસ્તી હતી. ભારતમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ઓરિસ્સામાં છે અને સૌથી ઓછી વસ્તી દાદરાનગર હવેલી અને લક્ષદ્વીપમાં છે. ભારતની આદિવાસી વસ્તીના ૮.૫૩ % ગુજરાતમાં વસે છે. જેમાં રાજ્યના ૧૪ જિલ્લા અને ૪૯ તાલુકાઓમાં સઘન વસવાટ છે. બંધારણીય જોગવાઈ અનુસાર પંચવર્ષીય યોજનામાં પછાત વર્ગોના કલ્યાણનો પાયો નંખાયો જેમાં ઈ.સ.૧૯૫૨ ૨ ઓક્ટોબર કોમ્યુનિટી ડેવલપમેન્ટ અને નેશનલ એકસટેન્શન પ્રોગ્રામ અમલમાં આવ્યો હતા. ત્યારથી ભારત સરકારનો એક બહુલક્ષીય અભિગમ રહ્યો છે કે, આદિવાસીઓનો સર્વાંગી વિકાસ થાય. પણ તેમની આગવી સંસ્કૃતિને આંચન આવે એ રીતે આદિવાસીઓને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયત્ન કરે છે.

## ૨. અનુસૂચિત જનજાતિની વ્યાખ્યા

“આદિવાસીઓની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે.”

– સામાન્ય માનવી આદિવાસીઓને “ડુંગરો અને જંગલોમાં વસતા ભોળા લોકો” એવું સમજે છે.

– સામાન્ય માનવીથી વધારે જાણકાર લોકો આદિવાસી શબ્દનો અર્થ “નૃત્ય અને ગાન માટે પ્રસિધ્ધ એવા રંગીલા લોકો” એવો અર્થ આપે છે.

– “રાષ્ટ્રપ્રમુખ જેની ખાસ સંભાળ રાખે છે. તેવા નાગરિકોના જૂથ” એવો અર્થ સરકારી અમલદારો આપે છે.

**૧.૧ ભારત અને ગુજરાતમાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ટકાવારીમાં (%)**

| વર્ષ | ભારતમાં | ગુજરાતમાં |
|---|---|---|
| ૧૯૫૧ | ૨.૨૬ | ૧૨.૭૦ |
| ૧૯૬૧ | ૫.૩૦ | ૧૩.૩૧ |

| | | |
|---|---|---|
| ૧૯૭૧ | ૬.૯૩ | ૧૩.૯૯ |
| ૧૯૮૧ | ૭.૭૬ | ૧૪.૨૨ |
| ૧૯૯૧ | ૮.૦૧ | ૧૪.૯૨ |
| ૨૦૦૧ | ૮.૨૦ | ૧૪.૭૬ |
| ૨૦૧૧ | ૮.૬૩ | ૧૪.૭૫ |

કોષ્ટક ૧.૧. પ્રમાણે જોઈ શકાય છે કે, ઈ.સ.૧૯૫૧માં ભારતમાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ૨.૨૬ હતું જે વધીને ૨૦૧૧ માં ૮.૬૩ થાય છે. ગુજરાતમાં ૧૯૫૧માં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ ૧૨.૭ હતું તે વધીને ૨૦૧૧માં ૧૪.૭૬ અને ઈ.સ.૨૦૧૧માં ૧ % ઘટીને ૧૪.૭૫ જેટલું રહ્યું છે.

ઈ.સ.૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે સુરતમાં કુલ વસ્તી ૬૦૮૧૩૨૨ હતી જેમાં આદિવાસી વસ્તી ૮૬૨૪૧૦ હતી.

મહુવામાં કુલ વસ્તી અને અનુસૂચિત જનજાતિની સંખ્યા ૨૦૧૧ની કુલ વસ્તી ૧૪૪૯૦૬ અને આદિવાસી વસ્તીની સંખ્યા ૧૧૭૬૭૫ હતી.

### ૧.૨ ભારતમાં અને ગુજરાતની કુલવસ્તી અને અનુસૂચિત જનજાતિમાં શિક્ષણ ટકાવારીમાં (%) ૨૦૧૧

| ક્રમ | વિગત | ભારત | | | ગુજરાત | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧ | કુલવસ્તીમાં શિક્ષણ | ૬૩.૦૭ | ૬૯.૭૬ | ૫૫.૯૭ | ૬૭.૯૯ | ૭૪.૯૯ | ૬૦.૮૬ |
| ૨ | અ.જ.શિક્ષણ | ૪૯.૫૧ | ૫૭.૩૬ | ૪૧.૫૯ | ૫૨.૫૮ | ૬૦.૧૬ | ૪૪.૮૫ |

કોષ્ટક ૧.૨.માં બતાવ્યા પ્રમાણે ભારતમાં કુલ વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ ૨૦૧૧માં ૬૩.૦૭ હતા જેમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. આદિવાસી વસ્તીમાં શિક્ષણ ભારતમાં ૨૦૧૧ માં ૪૯.૫૧ % હતું. આદિવાસી સ્ત્રીઓ શિક્ષણનું પ્રમાણ ઓછું છે પુરુષોની સરખામણીમાં અને ગુજરાતમાં પણ શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓ શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

## ૩. ખેતમજૂરોની વ્યાખ્યા

### (૧) પ્રથમ ખેતમજૂર તપાસ સમિતિ (૧૯૫૦–૫૧) આપેલી વ્યાખ્યા.

“ખેતમજૂર એટલે એવી વ્યકિત કે જેણે આખા વર્ષ દરમિયાન જેટલા દિવસો કામ કર્યુ હોય તેમાં ૫૦% કે તેથી વધારે દિવસો ખેતમજૂર તરીકે કામ કર્યુ હોય.”

ઈ.સ.૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે સુરતમાં ખેતમજૂરની સંખ્યા ૩૨૫૭૩૯ હતી. **૧.૩.**

**૧.૩ સુરત જિલ્લાના ૧૦ તાલુકામાં ખેતમજૂરીની સંખ્યા ૨૦૧૧.**

| તાલુકા | ખેતમજૂરની સંખ્યા | અનુ.જનજાતિની વસ્તી | કુલ વસ્તી |
|---|---|---|---|
| ઓલપાડ | ૩૦૬૫૧ | ૪૮૦૯૩ | ૧૯૬૮૪૬ |
| માંગરોલ | ૩૫૮૭૬ | ૯૫૫૩૨ | ૨૦૯૦૫૪ |
| ઉમરપાડા | ૩૨૪૮૧ | ૮૦૯૮૬ | ૮૩૭૨૩ |
| કામરેજ | ૩૪૭૦૦ | ૫૮૫૧૯ | ૧૮૪૫૫૪ |
| ચોર્યાસી | ૧૨૧૮૨ | ૩૦૫૯૩ | ૨૨૯૨૭૭ |
| પલસાણા | ૨૨૬૧૦ | ૪૧૪૮૦ | ૧૪૫૦૫૨ |
| બારડોલી | ૪૯૬૬૪ | ૧૦૧૪૩૨ | ૨૨૪૧૬૪ |
| મહુવા | ૪૦૯૬૧ | ૧૧૭૬૭૫ | ૧૪૪૯૦૬ |
| માંડવી | ૫૨૧૦૭ | ૧૫૧૦૨૦ | ૧૯૫૩૪૯ |
| સુરતસીટી | ૧૪૫૦૭ | ૧૩૧૬૨૨ | ૪૪૬૭૭૯૭ |

કોષ્ટક ૧.૩ પ્રમાણે સૌથી વધુ ખેતમજૂરોની સંખ્યા ધરાવતા તાલુકાઓ બારડોલી, મહુવા અને માંડવીમાં સૌથી વધારે ખેતમજૂરોની સંખ્યા ૫૨૧૦૭ હજાર છે અને આ તાલુકામાં આદિવાસી ખેતમજૂરીની સંખ્યા સૌથી વધારે છે. દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના મહુવા તાલુકાના પસંદગી કરવામાં આવી હતી. મહુવા તાલુકામાં કુલ વસ્તી ૧૪૪૯૦૬ જેમાં ૧૧૭૬૯૫ અનુસૂચિત જનજાતિની વસ્તી છે. અને ખેતમજૂરની સંખ્યા ૪૦૯૬૧ છે.

### ૪. અનુસૂચિત જનજાતિના કૃષિશ્રમિકોની અર્થવ્યવસ્થાના અભ્યાસ

અનુસૂચિત જનજાતિના સ્ત્રી કૃષિશ્રમિકો વિશે વિરેપી. ૧૯૯૭માં તેમના અભ્યાસમાં આફ્રિકામાં સ્ત્રીકૃષિશ્રમિક પરની અસરો તપાસી છે. તેમાં શિક્ષણ વેતનનો અભ્યાસ કરતા નીચેના તારણો આપ્યા છે.

- આફ્રિકામાં મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.
- મોટાભાગની તેમની આવકની અનાજ ખરીદી અને બાળકોની જરૂરીયાત સંતોષવામાં વાપરી નાંખે છે.

સમગ્રલક્ષી સ્તર પર જ છે તે એકમલક્ષી સ્તર પર સાચું છે કે જાણવા દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં તાજેતરમાં થયેલા એક અભ્યાસમાં અનુસૂચિત જનજાતિના સ્ત્રીકૃષિ શ્રમિકોમાં પુરુષોની સરખામણીમા શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. તે આ પ્રમાણે છે. સુરત જિલ્લાના અભ્યાસમાં

સુરત જિલ્લામાં કુલવસ્તીમાં શિક્ષણનું પ્રમાણ ૬૭.૨૭% જેમાં પુરુષો ૭૪.૦૨% અને સ્ત્રીઓ ૬૦.૪૩% શિક્ષણનું પ્રમાણ હતું.

કુલ ૧૪.૦૮ % લોકો ઉચ્ચશિક્ષણ મેળવે છે. જેમાં ૧૧.૮૩% પુરુષો અને ૩ % સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવે છે. આમ આ પરિકલ્પના સાચી છે.

- ઉત્તરદાતાની જાતિમાં સૌથી વધુ પુરુષો ૬૮.૩ % અને સૌથી ઓછા ૩૧.૭ % સ્ત્રી ઉત્તરદાતા છે. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળ યું છે.
- સ્ત્રી શિક્ષણના પ્રમાણમાં વધારો થાય તથા ઉચ્ચ શિક્ષણમાં વધારો થાય એવી યોજના બનાવવી જોઈએ.
- ખેતમજૂરોના બાળકોમાં શિક્ષણના પ્રમાણમાં વધારો થાય એ માટે ગામની આંગણવાડી, આશ્રમશાળામાં ખેતમજૂરોના બાળકો ફરજિયાત શિક્ષણ લે તેવી સગવડો થવી જોઈએ.

**સંદર્ભસૂચિ**

૧. ભીખાભાઈ સો. પટેલ, ડૉ. પ્રવીણ પટેલ, આદિવાસીઓ એક દષ્ટિક્ષેપ–૨૦૧૧ પ્રકાશક: આદિવાસી સંશોધન અને તાલી કેન્દ્ર, આવૃત્તિ–૨૦૧૪
૨. શ્રી રતિલાલ જેઠાભાઈ પટેલ, કૃષિ અર્થશાસ્ત્ર, પ્રકાશક : જે.બી. સેડિલ આવૃત્તિ – ૧૯૮૩
૩. સુરત જિલ્લાની આંકાડાકીય રૂપરેખા–૨૦૧૧(આંકાડાકીય વિભાગ)
૪. વિરેપી. ટી ૧૯૯૩, ધ રોલ ઓફ વુમન ઈન ફેમિલી ન્યુટ્રીશન, એફ.એ.ઓ/એસ.આઈ.ડી.એ. સેમીનાર હરારે ઝિમ્બાબ્વે પાના નં. ૨
૫. www.censuindia.gov.in
૬. www.agcensus.nic.in